PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@ge bmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૧/કવા–૦૩/૧૭–૧૮/ 571 (3) તા. 17-1-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ઉદ્યોગ ભારતી
ઉદ્યોગ ભારતી ચોક,
ગોંડલ–૩૬૦ ૩૧૧
તા.જી.રાજકોટ
મો: ૦૨૮૨૫–૨૨૦ ૧૭૭,૨૪૦ ૩૭૭,૨૨૩ ૮૫૯,૨૨૦ ૭૭૮

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૧–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૧/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રે ના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૫૧/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીગ: તા. ૨૭–૧૨–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ઉદ્યોગ ભારતી, ગામ: ગોંડલ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે પ્રકાશભાઈ એમ. પંચમીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.વી.સાકરીયા – નાયબ ઈજનેર (ટેક) – વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

ફરીયાદ : ઓડિટ રીકવરી (ઈલેકટીસીટી ડયુટીના) બીલ બાબત

**મુદ્દા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઉદ્યોગ ભારતી નામના જોડાણ મા માહે જુન–૧૫ નુ બીલ રૂ.૨૦,૨૬૧/૯૫ નુ ૩૧૮૬ યુનીટ નુ વીજબીલ આવેલ હતુ. તેઓને અપાયેલ બીલ ની રકમ રૂ.૨૦,૨૬૧/૯૫ તેઓએ વાંધા સાથે પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ છે ત્યારબાદ તેઓએ ફાસ્ટ મીટરની અરજી તા.૨૨–૦૬–૧૫ ના રોજ કરતા – પીજીવીસીએલ દ્વારા સદર મીટર બદલાવી આપેલ. અને અમોને સદર મીટર ની ચકાસણી માટે તા.૧૧–૦૮–૧૫ ના રોજ હાજર રહેવાનુ જણાવતા, અમો હાજર રહેલ અને સદર મીટર ની ચકાસણી કરતા તે મીટર ૫.૯૧% ફાસ્ટ જણાયેલ હતુ. અમોએ તા.૨૩–૦૬–૧૫ ના રોજ વિવાદીત રકમ નુ બીલ ભરી આપેલ હતુ. અમોએ અમારૂ મીટર ક્ષતિગ્રસ્ત થયેલ હોય, તેવુ પીજીવીસીએલ ને જણાવેલ હતુ. પરંતુ, તે માંગણી પીજીવીસીએલ દ્વારા ગ્રાહય ન રાખી – અમોને યોગ્ય ન્યાય આપેલ નથી. પીજીવીસીએલ દ્વારા સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ ન લઈને સ્ક્રેપ કરેલ હતુ. જેથી, કેટલો સમય આ મીટર ફાસ્ટ હતુ, તે ગાળો ચોકકસાઈ થી નકકી ન કરી શકાય. અમોને માહે જુન–૧૫ ના બીલ મા જણાવેલ યુનીટ– ૩૧૮૬ યુનીટ + ૧૧૬૮ યુનીટ (લેબ રીપોર્ટ મુજબ) – એમ કુલ યુનીટ ૪૩૫૪ એક મહીનામા નોંધાયેલ છે. જે અમારા આગળ પાછળ ના ૦૬ માસ ના વીજવપરાશ ને ધ્યાન મા લઈ અને સરેરાશ બીલ આપવા તેમજ — અમોએ ભરપાઈ કરેલ રકમ બીલ મા મજરે આપવા ફોરમ સમક્ષ અમોએ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – ગ્રાહક શ્રી ઉદ્યોગ ભારતી – જામવાડી – ગ્રાહક નં. : ૩૩૧૩૯/૦૦૪૩૧/૧ – જીએલપી ટેરીફ હેઠળ ૦૮ કીવો નુ વીજ જોડાણ તા.૨૯–૦૮–૧૯૯૬ મા રીલીઝ કરાયેલ. સદર વીજ જોડાણ નુ વીજ મીટર ગ્રાહક ની મીટર ફાસ્ટ ફરવાની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા તા.૨૨–૦૬–૧૫ ના રોજ – હાજર પ્રતિનીધી ની હાજરી મા સવાલવાળુ મીટર બદલાવેલ હતુ. સદર મીટર ની – મીટર ટેસ્ટીંગ લેબોરેટરી મા – તા.૧૧–૦૮–૧૫ ના રોજ – ગ્રાહક ના પ્રતિનીધી ની હાજરી મા કરવામા આવેલ હતુ. જે લેબોરેટરી ચેકીંગ રીપોર્ટ મુજબ – એકયુચેક થી ટેસ્ટ કરતા – સદર વીજ મીટર ૫.૯૧% ફાસ્ટ ફરતુ હોવાનુ જણાવેલ છે. જે અંગે ની વિગત નીચે મુજબ છે. |

**૨.૨**

| Particulars | Old Meter Replace Dt.22.06.15 | New Meter Installed Dt.22.06.15 | Old Meter-As per MTLab Dt.11.08.15 |
|---|---|---|---|
| Make | ELSTER | GENUS | ELSTER |
| Meter No | 02320465 | PG362061 | 02320465 |
| Capacity | 10-60 A. | 10-60 A. | 10-60 A. |
| C. Reading | ---------- | 6075.8 | 74974 |
| REMARKS | ચેકીંગ શીટ – જીડીએલ–૬૬૧ તા.૨૨–૦૬–૧૫ મુજબ, ટ્યુબલાઈટ ૪૫, પંખા –૧૦, સીએફએલ લેમ્પ –૪, પાણીની મોટર –૧ જણાયેલ છે. | | મીટર ના સીલો બરાબર છે. એક્યુચેક લેતા મીટર ૦૫.૯૧% ફાસ્ટ કરતુ જણાયેલ છે. |

**૨.૩** મીટર ના લેબોરેટરી ચેકીગ વખતે છેલ્લા રીડીગ ૭૪૯૭૪ જણાયેલ હતા. તેથી ગ્રાહક ને છેલ્લા વીજબીલ વખતે નોધાયેલ અંતીમ રીડીગ અને જોવામા આવેલ રીડીગ ૭૪૯૭૪ નુ તફાવત ના વીજવપરાશી યુનીટ નુ બીલ – ૩૧૮૬ યુનીટ નુ બીલ અપાયેલ હતુ. ત્યારબાદ, આ મીટર ૫.૯૧% ફાસ્ટ જણાતા – અને ગ્રાહક ની રજુઆત મળતા – પીજીવીસીએલ દ્વારા તે બાબત ને ગ્રાહય રાખી તા.૦૧–૦૧–૧૫ થી તા.૨૨–૦૬–૧૫ સુધી મા વપરાચેલ યુનીટ એટલેકે (૭૪૯૭૪–૬૯૩૩૮) ૫૬૩૬ યુનીટ ના ૫.૯૧% ફાસ્ટ લેખે – ૩૩૩ યુનીટ મુજબ – રૂ.૨૧૦૬.૦૪ ગ્રાહક ના ખાતામા જમા આપવામા આવેલ છે. તદઉપરાંત – લેબોરેટરી રીપોર્ટ મુજબ – છેલ્લા રીડીગ – ૭૪૯૭૪ અને બીલીગ મા – જુન–૧૫ ના છેલ્લા રીડીગ ૭૩૮૦૬ મુજબ – કુલ ૧૧૬૮ યુનીટ ના રૂ.૭,૭૮૪.૭૦ ગ્રાહક ના ખાતામા – ડેબીટ કરવામા આવેલ હતા. સદર બાબતે – અરજદાર દ્વારા – તા.૧૩–૧૧–૧૭ થી સવાલવાળા મીટર ના એમ.આર.આઈ. રીપોર્ટ આપવા અંગે ની રજુઆત કરતા – સબંધક પીજીવીસીએલ ની કચેરી દ્વારા – જણાવાયેલ કે ~~– જે તે સમયે સદર મીટર સ્ક્રેપ થયેલ હોય, એમ.આર.આઈ. ની નકલ આપી શકાયેલ નથી.~~

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧** અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની રજુઆત ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે જણાયેલ કે – ગ્રાહક શ્રી ઉર્દ્યોગ ભારતી – જામવાડી – ગ્રાહક નં. : ૩૩૧૩૯/૦૦૪૩૧/૧ – જીએલપી ટેરીફ હેઠળ ૦૮ કીવો નુ વીજ જોડાણ નુ વીજ મીટર ગ્રાહક ની મીટર ફાસ્ટ ફરવાની અરજી ના અનુસંધાને –

- પીજીવીસીએલ દ્વારા સદર વીજ ગ્રાહક નુ વીજબીલ તા.૧૧–૦૫–૧૫ માહે જુન–૧૫ મુજબ – છેલ્લા રીડીગ – ૭૩૮૦૬ ને પાછલા રીડીગ – ૭૦૬૨૦ મુજબ – ૩૧૮૬ યુનીટ નુ વીજબીલ અપાયેલ છે.
- પીજીવીસીએલ દ્વારા તા.૨૨–૦૬–૧૫ ના રોજ – હાજર પ્રતિનીધી ની હાજરી મા સવાલવાળુ મીટર બદલાવેલ હતુ – જેમા છેલ્લા રીડીગ દર્શાવેલ નથી.
- સદર મીટર ની – મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા – તા.૧૧–૦૮–૧૫ ના રોજ – ગ્રાહક ના પ્રતિનીધી ની હાજરી મા કરવામા આવેલ હતુ. જે લેબોરેટરી ચેકીગ રીપોર્ટ મુજબ – સદર મીટર ના છેલ્લા રીડીગ ૭૪૯૭૪ અને એક્યુચેક થી ટેસ્ટ કરતા – સદર વીજ મીટર ૫.૯૧% ફાસ્ટ ફરતુ હોવાનુ જણાવેલ છે. પી.આર.ટી.–૧૪૫ મુજબ – ગ્રાહક નો વીજવપરાશ નીચે મુજબ જણાયેલ છે.

| Month/ Year | 2010 | | 2011 | | 2012 | | 2013 | | 2014 | | 2015 | | 2016 | | 2017 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | unit | C.R. | unit | C.R. | unit | C.R. | unit | C.R. | unit | C.R. | unit | C.R. | unit | C.R. | unit |
| Jan | | | 57453 | 320 | 61323 | 360 | 64488 | 144 | 66834 | 176 | 69532 | 194 | 7663 | 327 | 19192 | 893 |
| Feb | | 0 | 57823 | 370 | 61713 | 390 | 64594 | 106 | 67092 | 258 | 69760 | 228 | 7969 | 306 | 20023 | 831 |
| Mar | | 0 | 58083 | 260 | 62000 | 287 | 64744 | 150 | 67292 | 200 | 69996 | 236 | 8710 | 741 | 20921 | 898 |
| Apr | | 0 | 58523 | 440 | 62323 | 323 | 64874 | 130 | 67564 | 272 | 70269 | 273 | 10030 | 1320 | MC | 2622 |
| May | | 0 | 58993 | 470 | 62813 | 490 | 65040 | 166 | 67862 | 298 | 70620 | 351 | 11175 | 1145 | | |
| Jun | | 0 | 59293 | 300 | 63053 | 240 | 65160 | 120 | 68121 | 259 | 73806 | 3186 | 12451 | 1276 | | |
| Jul | | | 59433 | 140 | 63193 | 380 | 65470 | 310 | 68400 | 279 | 6079 | | 13492 | 1041 | | |
| MC JUL15 | | 0 | | | | | | | | | 6188 | 109 | | | | |
| Aug | | 0 | 59693 | 260 | 63368 | 175 | 65808 | 338 | 68567 | 167 | 6415 | 336 | 14427 | 935 | | |
| Sep | | 0 | 59913 | 220 | 63603 | 235 | 66017 | 209 | 68755 | 188 | 6628 | 213 | 15343 | 916 | | |
| Oct | | 0 | 60333 | 420 | 63853 | 250 | 66187 | 170 | 68962 | 207 | 6860 | 232 | 16356 | 1013 | | |
| Nov | | 0 | 60593 | 260 | 64070 | 217 | 66329 | 142 | 69152 | 190 | 7050 | 190 | 17300 | 944 | | |
| Dec | 57133 | 0 | 60963 | 370 | 64344 | 274 | 66658 | 329 | 69338 | 186 | 7336 | 286 | 18299 | 999 | | |
| Total | | | | 3830 | | 3621 | | 2314 | | 2680 | | 5834 | | 10963 | | |

- તેમજ, અરજદાર ના સદર વિવાદીત મીટર સ્ક્રેપ થયેલ હોય – મીટર નો એમ.આર.આઈ. અહેવાલ મળી શકેલ નથી. જેથી, સદર મીટર કેટલા સમયગાળા થી ફાસ્ટ હતુ, તે જાણી શકાયેલ નથી. ત્યારબાદ, નવા મીટર મુકયા બાદ – સદર વીજ ગ્રાહક નો વીજવપરાશ પી.આર.ટી.–૧૪૫ મુજબ – મીટર બદલ્યા બાદ વર્ષ – ૨૦૧૬ મા કુલ ૧૦૯૬૩ યુનીટ નો થયેલ છે. તે વીજવપરાશી યુનીટ ની બાબત ને ધ્યાન મા રાખતા અને પીજીવીસીએલ દ્વારા તા.૦૧–૦૧–૧૫ થી તા.૨૨–૦૬–૧૫ સુધી મા જે વીજવપરાશ નોંધાયેલ છે, તે વીજવપરાશ ના સમયગાળા દરમ્યાન ઉપરોકત મીટર ૫.૯૧% ફાસ્ટ હતુ. તે ગણતરી મુજબ – ૩૩૩ યુનીટ જે અરજદાર ને જમા આપી શકાય. તે નિયમાધીન યોગ્ય છે. અને તે મુજબ – પીજીવીસીએલ દ્વારા ૩૩૩ યુનીટ જમા અપાયેલ છે, તે યોગ્ય છે. તેમ ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

<u>મુદ્દા નં.–૪ :</u>

**<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | **સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી અરજદાર અને પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે.** |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.